## આજે રાજ્યભરમાં ૭૦ દીનદયાળ પ્રધાનમંત્રી જનઔષધી સ્ટોર આરંભાશે

ગાંધીનગર, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લી.ની ભારે જહેમતથી દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધીના ૭૦ જેટલા સ્ટોર ચાલુ કરવામાં આવ્યા છે. જેથી હવે જનતાને જીવનરક્ષક દવાઓ નજીવા દરે દરેકને મળી રહેશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, જન ઔષધી સ્ટોરની સંખ્યા વધારી ૫૦૦ ઉપરાંત કરાશે. જેથી દરેકને સસ્તી દવાઓ તેમને પોષાય તે રીતે જીવનરક્ષક દવાઓ ઘર આંગળે મળી રહે.

અત્રે ઉલ્લેખનીય છે કે આના ભાગરૂપે ગાંધીનગરમાં ૨૧ એપ્રિલ, ૨૦૧૭ના રોજ સેક્ટર-૨૧ અને સેક્ટર-૬માં ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ ગુડાના ચેરમેન આશીષભાઈ દવેના વરદહસ્તે પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર પ્રજાને સમર્પિત કરશે. તો આ પ્રસંગે સૌ નગરજનોએ હાજર રહેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે આજે આદર્શ હોસ્પિટલ કલોલ ખાતે દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરનું ઉદ્‌ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં રાજયમાં ૫૦૦ જેટલા જેનરીક દવાઓના સ્ટોર દ્વારા પ્રજાને ખૂબ જ સસ્તા દરે દવાઓ ઉપલબ્ધ થશે. પ્રથમ તબક્કામાં ૫૨ જેટલાં સ્ટોર શરૂ થઈ ગયા છે. અને આગામી ત્રણ દિવસમાં રાજયમાં બીજા ૮૦ જેટલા જન ઔષધિ સ્ટોરમાં ગ્રાહકોને નજીવા દરે દવાઓ ઉપલબ્ધ થતાં આમ પ્રજાનો આરોગ્ય ખર્ચમાં મોટો ઘટાડો થશે. રાજય સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ સારી સુવિધા પ્રાપ્ત થાય તે માટે ૧૦૪ હેલ્પલાઈન પણ કાર્યરત કરી છે.

# આગામી પાંચ વર્ષમાં હેન્ડપંપમુકત ગુજરાત બનશે : વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ધરમપુર તાલુકાના



ઓઝરપાડા ખાતે રૂા.૨૨ કરોડના ખર્ચે નિર્માણ થયેલા વોકેશનલ તાલીમ સેન્ટરનું લોકાર્પણ કરી, ગામડાઓમાં સોનાનો સુરજ ઉગે અને યુવાનો વિશ્વના પડકારો ઝીલીને ગુજરાતને વૈશ્વિક પ્રતિષ્ઠા આપે એવા ગુજરાતના નિર્માણની સંકલ્પબદ્ધતા વ્યકત કરી હતી. છેવાડાનો માનવી પણ રાજયની વિકાસયાત્રામાં જોડાય અને ગુજરાતનો જીડીપી ગ્રોથ આગળ વધે તે માટે રાજય સરકાર કટિબદ્ધ હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પીપીપી ધોરણે અતુલ. પ્રા.લીના સહયોગ વડે શરૂ થયેલા વોકેશનલ તાલીમ સેન્ટરને ખુલ્લુ મુકી, તાલીમાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યોહતો. મુખ્યમંત્રીના હસ્તે તાલીમાર્થી યુવક-યુવતીઓને નિમણૂંકપત્રો પણ એનાયત કર્યા હતા.

ગુજરાત હવે વિશ્વભરના ઉદ્યોગકારો અને રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટીનેશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ છે ત્યારે ઉદ્યોગકારોને કૌશલ્યયુકત યુવાધન



મળે અને ગુજરાત જોબ ગીવર બને એ દિશામાં આપણા પ્રયાસો છે. ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. આ યુવા દેશના યુવાધનની અપાર શકિતઓ છે. આવા આધુનિક તાલીમ સેન્ટર દ્વારા ગુજરાતના યુવાધનમાં રહેલી શકિતને યોગ્ય રાહ ચીંધીને ગુજરાત વડાપ્રધાનના સેન્ટ્રલ ઓફ એક્ષેલન્સી, સ્ટાર્ટ અપની હારમાળાનો પ્રારંભ થયો હોવાનું જણાવ્યું હતું.

ગુજરાતના વનવાસી ક્ષેત્રમાં શહેરી વિસ્તારોની જેમ પીવાના પાણીની સવલત ઊભી કરવા સ્પષ્ટ સંકેત આપી, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ધરમપુર-કપરાડાના વનવાસી ક્ષેત્રમાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવા રૂા.૫૦૦ કરોડની યોજના બની છે. જે ટુંક સમયમાં સાકાર થશે. આદિવાસી વિસ્તારમાં આવનારા પાંચ વર્ષમાં પીવાના પાણીની સુવિધા ઊભી કરીને, હેન્ડપંપમુકત ગુજરાત બનશે.

## આ પણ વાંચીએ...

### યોગ પણ શીખવે છે આ મહિલા જજ

યોગ કરવાના ફાયદાથી ઘણા લોકો જાણકાર છે. ફિટનેસ જાળવવા માટે આનાથી કોઈ સારો વિકલ્પ નથી. ન્યૂયોર્કની એક મહિલાને યોગનું ઘેલુ લાગ્યુ છે. આ મહિલા ફ્લોરીડાની એક કોર્ટમાં જજ છે. તેમને યોગ શીખવવાનો ખુબ ક્રેઝ હોવાથી તેઓ કોર્ટમાં



ચાલતી કાર્યવાહીમાંથી સમય કાઢી લોકોને યોગ અને ફિટનેસના ફાયદા સમજાવે છે. કોર્ટ પરિસરમાં જ તેઓ ક્યારેક યોગ કરતા જોવા મળી જાય છે.

### ટેબલમાંથી મળ્યા ૬૩ લાખ રૂપિયા

કલ્પના કરો કે તમે કોઈ સામાન ખરીદ્યો અને તેમાંથી તમને છુપાવેલા રૂપિયા મળે તો તમને કેવી લાગણી થશે. આવુ જ થયુ કેનાડાના ઓટાવામાં રહેતા નોઆચ મુરફ્ફ સાથે. મુરફ્ફે થોડાક સમય પહેલા એક ટેબલ સેકન્ડ હેન્ડ ખરીદ્યુ હતુ. આ ટેબલમાંથી તેમને ૬૩ લાખ રૂપિયા મળ્યા હતા. જોકે મુરફ્ફે ઈમાનદારીપૂર્વક આ રૂપિયા મૂળ માલિકને પરત કર્યા હતા.



## માહિતી વિભાગની સ્પર્ધાત્મક પરીક્ષાની ફાયનલ આન્સર કી મુકાઈ

ગાંધીનગર, તા. ૨૦

માહિતી અને પ્રસારણ વિભાગ તથા માહીતી નિયામક કચેરી હસ્તકની નાયબ માહિતી નિયામક, સહાયક માહિતી નિયામક (સંપાદન), સીનિયર સબ-એડીટર અને માહિતી મદદનીશની જગાઓ ભરવા માટે તા. ૨૮ અને ૨૯ જાન્યુઆરી-૨૦૧ના રોજ ભાગ-૧, પ્રિલિમીનરી પરીક્ષા લેવામાં આવી હતી.

ઉપરોક્ત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે, સંબંધિત જગાની પરીક્ષાની 'ફાયનલ આન્સર કી' માહિતી નિયામકની કચેરીની વેબસાઈટ www.gujaratinfromation.net પર મૂકવામાં આવેલ છે. ઉકત 'ફાયનલ આન્સર કી' તા.૩૦-૪-૨૦૧૭ સુધી ઉકત વેબસાઈટ ઉપર રાખવામાં આવશે, એમ માહિતી નિયામકશ્રીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

## આજે રાજ્ય સરકારની ૪,૬૮૧ જગાઓ માટે સફળ ઉમેદવારોને નિમણૂકપત્રો અપાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજય સરકારના વિવિધ વિભાગો તેમજ સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટ ૪,૬૮૧ જગાઓ માટે સફળ થયેલ ઉમેદવારોને મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે આવતીકાલ ૨૧ એપ્રિલના રોજ નિમણૂક પત્રો એનાયત કરાશે. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર આ સમારોહમાં રાજ્ય સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓની કલાર્ક તેમજ સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટની મળી કુલ ૪,૬૮૧ જગા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લેવાઈ હતી. તેમાં સફળ થયેલ ઉમેદવારોને આ નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે, એમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## શિક્ષણ ઉપકરમાં વધારો પાછો ખેંચવા વસાહત મહાસંઘની માંગ

ગાંધીનગર મહાનગરપાલિકા ૨૦૧૧થી કાર્યરત બનેલ છે ત્યારે શહેરીજનો પોતાના રહેણાંક મકાનનો મિલ્કતવેરો નિયમો મુજબ ભરી રહ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકા જયારથી શરૂ થઈ ત્યારથી સરકારશ્રી તરફથી જન્મમરણ નોંધણી, સાફ સફાઈ, પરચુરણ કામગીરી સોંપેલ છે. શિક્ષણ, આરોગ્ય, મકાન-માર્ગ વિભાગની કામગીરી, સરકારી જમીન જેવા ખાતાઓની કામગીરી સોંપેલ નથી. સરકારશ્રી તરફથી અન્ય વેરા, ગ્રાન્ટ, વેપારીઓની દંડકીય રકમો વગેરેની મહાનગરપાલિકાને કરોડો અબજોની આવક છે તેમ છતાં મહાનગરપાલિકા ફાળે શિક્ષણ ક્ષેત્રની કોઈ પણ કામગીરી ન હોવા છતાં શિક્ષણ ઉપકરમાં વધારો કરેલ છે જેના કારણે શહેરના નાગિરકોમાં ભારે રોષ અને આક્રોશ ફેલાયેલ છે અને પુનઃ વિચારણા કરી શિક્ષણ ઉપકરમાં થયેલ વધારો પરત ખેંચવા કેશરીસિંહ બિહોલા-પ્રમુખશ્રી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે કરેલ છે.

# ભાજપ પ્રદેશ કારોબારીનો સોમનાથ ખાતે પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે આક્રમક તૈયારી વચ્ચે આવતીકાથી સોમનાથ દાદાના સાનિધ્યમાં ભાજપ પ્રદેશ કારોબારીની મહત્વપૂર્ણ બેઠક શરૂ થઈ રહી છે. જેમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વધુ શાનદાર દેખાવ કરવાના વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. પાર્ટીની સ્થિતીને વધારે મજબુત કરવાનો મુદ્દો આ બેઠકમાં છવાશે. ભાજપ પ્રદેશ કારોબારીની બેઠકમાં પાર્ટીના તમામ ટોચના નેતા ભાગ લેનાર છે. ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ હાજરી આપનાર છે.

વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ભાજપ પ્રદેશ કારોબારીમાં રાજકીય અને અભિનંદન પ્રસ્તાવ ઉપરાંત સંગઠનાત્મક બાબતો, જીલ્લા મહાનગરમાં થયેલ કાર્યક્રમોનું રીપોર્ટીંગ અને પક્ષના આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા હાથ ધરાશે. સોમનાથ ખાતેથી આ પ્રદેશ કારોબારીમાં ૫૦૦ કરતા વધુ સદસ્યો ઉપસ્થિત રહેશે.આપણુ ગુજરાત સર્વાંગી વિકાસના શિખરે પહોંચે તે માટે ભગવાન સોમનાથદાદાના સાનિધ્યમાં ૧૫૦ સીટ ભાજપા જીતે તે માટેનો વિજય સંકલ્પ કરાશે.

ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, તા. ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ સોમનાથદાદાના સાનિધ્યમાં ભાજપાની પ્રદેશ કારોબારી પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિશેષ ઉપસ્થિતિ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી ડૉ.દિનેશ શર્મા, રાષ્ટ્રીય મહામંત્રી અને નવનિયુક્ત પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની હાજરીમાં યોજાશે. કારોબારીની વિગતો આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તા. ૨૦ એપ્રિલે પ્રદેશ હોદેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખઓ, જીલ્લા મહાનગરના પ્રભારીઓ અને પ્રમુખઓની બેઠક યોજાશે. જેમાં કારોબારીના મુસદ્દા તેમજ પ્રસ્તાવો અંગેની ચર્ચા વિચારણા હાથ ધરાશે. બે દિવસીય પ્રદેશ કારોબારીના પ્રથમ દિવસે સ્વાગત પ્રવચન તથા એક પ્રસ્તાવ રજુ કરવામાં આવશે. બીજા દિવસે એટલે કે, તા. ૨૨ એપ્રિલના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પ્રદેશ કારોબારીમાં ઉપસ્થિત રહીને સમાપન માર્ગદર્શન આપશે. તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશના પૂર્વ પ્રભારી ડૉ.દિનેશ શર્માનું સન્માન તેમજ રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશના નવનિયુક્ત પ્રભારી ભુપેન્દ્ર યાદવનું સ્વાગત કરવામાં આવશે.

## બાયડ ખાતે અરવલ્લી જિલ્લાનો સૌ પ્રથમ જેનરીક દવાનો સ્ટોરનો શુભારંભ થશે

અરવલ્લી જિલ્લાના બાયડમાં તા. ૨૧-૪-૨૦૧૭ના શુક્રવારના રોજ શરૂ કરવામાં આવશે. જેનું ઉદ્‌ઘાટન વનવિકાસના ચેરમેન કુબેરભાઈ દ્વારા કરવામાં આવશે. જેને લઈ મોંઘવારીમાં સામાન્ય માણસને પરવડે તે માટે ગુજરાત સરકારે પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ઉંચી ગુણવત્તાવાળી દવાઓ ૪૦ ટકાથી ૮૦ ટકા સુધી ઓછા ભાવે મળશે. જેને લઈ બાયડ નગરજનો દવાઓમાં આર્થીક મોટો લાભ થશે.

### સંયુક્ત કૃષિમહોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વર્ષ ચૂંટણીનું વર્ષ હોવાથી સરકાર કોઈ કાર્યક્રમો પડતા મુકવા માગતી નથી પરંતુ તેના આયોજન અને અભિગમમાં બદલાવ કરી આગળ વધવા માંગતી હોવાનું પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે.

આ બે જિલ્લાના કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો આધુનિક ખેતીની પદ્ધતિઓ પર સમજ આપશે તેમજ કૃષિની નવી પદ્ધતિઓ અંગેનું એક અલાયદુ પ્રદર્શન પણ યોજાશે. આ ઉપરાંત આ કૃષિ મહોત્સવમાં પ્રયોગશીલ ખેડૂતોના સન્માન માટેનું પણ આયોજન વિચારણામાં લેવાયુ હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે. રાજ્ય કક્ષાએથી મંત્રીઓ પણ તેમાં ભાગ લેશે.

### સીસી રોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામોનુ ભુમિપુજન કરાયુ હતુ. જેમાં સોનીપુર ગામથી ભાગોળને જોડતા રસ્તા તેમજ રૂપાલમાં નવા મહાદેવ વિસ્તારમાં સી સી રોડનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ સરપંચ તેમજ ડેપ્યુટી સરપંચ અને તાલુકા ભાજપના મહામંત્રી રવિ પટેલ, તાલુકા ભાજપના ઉપપ્રમુખ દિપકભાઈ પ્રદેશ કરોબારી સભ્ય નિતીન પટેલ સહીત ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### હરિયાળી પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃક્ષો કાપવાની પ્રવૃતિ છેલ્લા ઘણાં સમયથી પ્રકૃતિ પ્રેમીઓના રોષનુ કારણ બની હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. અગાઉ પણ સુકા વૃક્ષોનો ખાતમો બોલાવાતા ઉધઈ અને જીવજંતુઓ સહીત અન્ય જીવો માટેનો આશરો છિનવાઈ ગયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. ગુજરાતના એકમાત્ર નેચર પાર્ક ગણાંતા ઉદ્યાનમાં વૃક્ષ છેદનની પ્રવૃતિને ત્વરિત બંધ કરવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે. હાલ પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવતા અધિકારીઓ પણ આ વાતને ગંભીરતાથી ન લેતા હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રેમીઓમાં ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં હરિયાળીની જાળવણી માટે ત્વરિત પગલા લેવાય તેવી લાગણી પ્રબળ બની છે.

### કુપોષણ મુક્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગ્રહ કરી આગામી ત્રણ માસમાં જિલ્લાનું કોઈ ભૂલકુ કુપોષણથી પિડાતુ ના હોય તે જોવા પણ આહ્‌વાન કર્યુ છે. ડૉ. વાઘવાણીએ મેલેરિયા નિયંત્રણમાં થયેલ કામગીરીની પ્રશંસા કરી જણાવ્યું હતું કે જિલ્લો સ્પ્રેમુક્ત બન્યો છે ત્યારે રાજ્યમાં સૌથી પ્રથમ જિલ્લો મેલેરિયામુક્ત બને તે દિશામાં સઘન કામગીરી કરવા પણ અપીલ કરી હતી.

જિલ્લામાં જે રીતે મેલેરિયાના કેસોમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે તે માટે ટીમ મેલેરિયા વિશેષ અભિનંદનીય છે તેમ કહી ૧૦૪નો જે પ્રોજેક્ટ ટુંકમાં અમલી થવાનો છે તે માટે પણ આવુ જ ફુલપ્રુફ આયોજન સાથે આગળ વધવા જણાવ્યું હતુ.

તેમણે ડેન્ગ્યુને પણ નિયંત્રણમાં લેવા માટે જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેનો પણ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં બાલ અમૃતમ યોજના તેમજ મા વાતસ્લ્ય યોજના અંતર્ગત જે કામગીરી થઈ છે તેમાં પણ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પાણીજન્ય રોગચાળાને પણ નિયંત્રિત કરવા માટે તંત્રએ લીધેલા પગલાંઓને બિરદાવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, આરોગ્ય સમિતિના ચેરમેન તેમજ અન્ય પદાધિકારીઓ અને આરોગ્યતંત્રના તેમજ જિલ્લાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### વ્યાજદરને મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રેજ્યુઈટીની મર્યાદા ડબલ કરવા સાથે સંબંધિત ગ્રેજ્યુએટી એક્ટના સુધારવામાં આવેલા બિલને ટૂંક સમયમાં જ મંજુરી માટે કેન્દ્રિય કેબિનેટ સમક્ષ રજુ કરાશે. એમ્પલોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટીએ ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ઈપીએફ ઉપર ૮.૬૫ ટકાના રેટને મંજુરી આપી હતી. અગાઉ વર્ષ ૨૦૧૬-૧૭ માટે એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ પર ૮.૬૫ ટકાના વ્યાજદર સાથે આગળ વધવા શ્રમ મંત્રાલયને નાણામંત્રાલય દ્વારા પરવાનગી આપી દેવામાં આવી હતી. આના કારણે આશરે ૪ કરોડ જેટલા ઈપીએફ સભ્યોને ફાયદો થશે. નાણામંત્રાલયે હાલમાં જ શ્રમ મંત્રાલયના તમામ વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને એવો નિર્ણય લેવાયો હતો કે, ઈપીએફ ઉપર વ્યાજદર ૮.૬૫ ટકા રહેવો જોઈએ. એમ્પ્લોઈઝ પ્રાવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) ટ્રસ્ટી દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ વ્યાજદર ૮.૬૫ ટકા રાખવા શ્રમ મંત્રાલયને મંજુરી આપી દીધી હતી. નાણા મંત્રાલયે શ્રમ મંત્રાલયને કરેલી ભલામણમાં કહેવામાં આવ્યું હતું કે, વ્યાજદર શુ રાખવો જોઈએ તે અંગે શ્રમ મંત્રાલયે નિર્ણય લેવો જોઈએ. નાણા મંત્રાલયે અગાઉ સૂચન કર્યું હતું કે, ઈપીએફ રેટ ટ્રસ્ટી દ્વારા મંજુર કરવામાં આવેલા દર કરતા ઓછો રહેવો જોઈએ. નાની બચતના દર સાથે આ વ્યાજદરને સંતુલનમાં જાળવવાની વાત કરવામાં આવી હતી. શ્રમ પ્રધાન બંદારુ દત્તાત્રેયે ભારપૂર્વક કહ્યું છે કે, ઈપીએફઓ ગ્રાહકો વર્ષ ૨૦૧૬-૧૭ માટે ૮.૬૫ ટકાનો વ્યાજદર મેળવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીએ ૮.૬૫ ટકા વ્યાજદર આપવાનો નિર્ણય કર્યો હતો. આમારા મંત્રાલયો દ્વારા નાણાં મંત્રાલય સાથે સતત ચર્ચા કરી હતી.

### રહસ્ય અકબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેતવણી પણ આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગોપાલ બાગલેએ કહ્યું છે કે જાધવ મામલામાં પાકિસ્તાન તમામ કાયદાકીય કાર્યવાહીનો દાવો કરે છે. જો આવું છે તો અમે જાધવને જોવા માંગીએ છીએ. બાગલેએ કહ્યું હતું કે અમને જાધવના આરોગ્ય અને તેમના રહેવાની સ્થિતિના સંદર્ભમાં ચિંતા થઈ રહી છે. ભારતે પાકિસ્તાન સમક્ષ સત્તાવાર રીતે જાધવની સામે સુનાવણી પ્રક્રિયા તથા કેસની પ્રક્રિયાની માહિતી પણ માંગી છે. તેમણે કહ્યું છે કે જાધવ માટે રાજકીય ઓળખ અને કેસની સુનાવણી પ્રક્રિયાની માહિતી પર અમને પાકિસ્તાન તરફથી જવાબ ન મળતા હજુ રાહ જોઈ રહ્યા છીએ. પાકિસ્તાનની લશ્કરી અદાલતે જાધવને મૃત્યુદંડની સજા ફટકારી હતી. જાધવની સજાને પાકિસ્તાની સેના વડા જનરલ કમર અહેમદ બાજવાએ સમર્થન આપી દીધું છે. તેમણે કહ્યું છે કે જાધવ ઉપર તમામ આરોપો પુરવાર થયા છે. બાજવાએ દાવો કર્યો છે કે જાધવે મેજિસ્ટ્રેટ અને કોર્ટની સામે પોતાના ગુનાની કબુલાત કરી લીધી છે. ભારતીય નાગરિક જાધવને મૃત્યુદંડની સજા ફટકારવાના મુદ્દા પર ભારતે નારાજગી વ્યક્ત કરી હતી.

### ઈસરોની તૈયારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પર નિર્ભર રહેવાની ફરજ પડશે. હવે ભારત ચાર ટનવાળા સેટેલાઈટ બનાવવા પર ધ્યાન આપી રહ્યુ છે. જેથી તેનુ દેશની અંદર લોંચ કરવાની તૈયારી છે. ઈસરોની એક વર્ષની અંદર બીજી વિકાસ યોજના છે. કિરણ કુમારે કહ્યુ છે કે જ્યાં સુધી બે વિકાસ ઉડાણ પુરીણ કરી લેવામાં આવનાર છે. અમે વધારે લોંચની દિશામાં કામ કરીશુ. ઈસરો માને છે કે આ રોકેટ પર કામ શરૂ કરવામાં આવ્યા બાદ તેના ઈતિહાસમાં એક નવી સિદ્ધી જોડાઈ જશે. ઈસરોએ હવે ખેતીવાડી અને પાણીની તકલીફને દુર કરવાની દિશામાં પહેલ કરવાનો પણ નિર્ણય કર્યો છે. જે દિશામાં ટુંક સમયમા જ પહેલ કરવામાં આવનાર છે. ઈસરોએ હાલમાં અનેક સિદ્ધી હાંસલ કરીને પોતાની છાપ વિશ્વમાં ફેલાવી છે.

### દરોડા પડ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફાર્મહાઉસ અને ૩૦૦ કોર્પોરેટ ઓફિસ એલોટમેન્ટમાં પણ વચેટીયાઓની ભૂમિકા હતી. આ અગાઉ મંગળવાર અને બધુવારના દિવસે કાનપુર-નોઈડામાં આઈટીએ વ્યાપક દરોડા પાડ્યા હતા. જેમાં ઈન્કમટેક્સ વિભાગને મોટા પ્રમાણમાં રોકડ રકમ મળી આવી હતી. આમાં આશરે ૧૧ કરોડ રૂપિયાની રોકડ રકમનો સમાવેશ થાય છે. તેમાં જંગી રકમ બેડની નીચે છુપાવીને મુકવામાં આવી હતી. કાનપુરમાં મંગળવારના દિવસે પણ આવકવેરા વિભાગની ટીમોએ રિઝનલ ટ્રાન્સપોર્ટ ઓફિસના એક અધિકારીના તિલકનગરવાળા ફ્લેટ ઉપર દરોડા પાડ્યા હતા. સૂત્રોના કહેવા મુજબ તપાસમાં ઈન્કમટેક્સ ટીમે ૮૭ લાખ રૂપિયાની નવી કરન્સી રિકવર કરવામાં આવી હતી.દાવો કરવામાં આવી રહ્યો છે કે નવેમ્બર મહિનામાં નોટબંધી બાદ આ અધિકારીએ આશરે એક કરોડ રૂપિયા બદલાવી લીધા હતા. લખનૌમાં તેમના ફ્લેટ પર પર અંકુશ મુકી દઈને સીલ કરી દેવામાં આવતા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેટલાક અન્ય ફ્લેટ અંગે પણ માહિતી મળી છે. અધિકારીના પતિ પણ કોમર્શિયલ ટેક્સ વિભાગમાં મોટા અધિકારી તરીકે છે. આ દરોડાની સાથે પ્રાઈવેટ ટ્રાવેલ ઓપરેટરના આવાસ પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશમાં યોગી સરકાર સત્તારૂઢ થઈ ગયા બાદ આક્રમક દિશામાં આગળ વધી રહી છે. દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. શરૂઆતી દિવસોમાં પણ કાર્યવાહીનો દોર શરૂ થઈ ગયો હતો.

### ઈડી સમક્ષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી. ઈડી દ્વારા આ કેસમાં તેમનું નિવેદન નોંધવાના સંદર્ભમાં સિંહ સામે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. કેટલાક દસ્તાવેજોના સંદર્ભમાં પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અપ્રમાણ સંપત્તિ કેસમાં મળી આવેલા દસ્તાવેજો અને અન્ય કાગળોના સંદર્ભમાં પણ તેમની સામે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ગયા સપ્તાહમાં જ મુખ્યમંત્રીએ ઈડીને માહિતી મોકલીને કહ્યું હતું કે તપાસ સંસ્થા સમક્ષ તેઓ ચોક્કસ કારણો સર ઉપસ્થિત થઈ શક્યા નથી. નવી તારીખની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ ઈડી દ્વારા આજ માટે નવેસરથી સમન્સ જારી કરાયા હતા. ઈડી દ્વારા ગઈકાલે દિલ્હી હાઈકોર્ટમાં એવી કોઈપણ ખાતરી આપવાનો ઈનકાર કર્યો હતો કે તેની સમક્ષ જ્યારે સિંહ ઉપસ્થિત થશે ત્યારે તેમની ધરપકડ કરી લેવામાં આવશે. જસ્ટીસ આરકે ગૌબા સમક્ષ આ રજુઆત સિંહની અરજી પર સુનાવણી દરમિયાન ઈડી દ્વારા આપવામાંવી હતી. તેમની સામે મની લોન્ડરીંગની કાર્યવાહીને રદ કરવાની માંગણી કરીને વીરભદ્રસિંહ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. જેના ઉપર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ઈડી દ્વારા એવા સમયે સમન્સ જારી કરવામાં આવ્યા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ